# દહેજમાં CS2 પ્લાન્ટની સ્થાપના કરાશે

## કે. કે. મોદી જૂથે ચીનની કંપની સાથે કરાર કર્યા

**ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર**

કાર્બન ડાઈસલ્ફાઈટ (CS2)ના ઉત્પાદનનો દેશનો સૌ પ્રથમ ઈકો-ફ્રેન્ડલી પ્રોજેક્ટ ગુજરાતના દહેજમાં બનવા જઈ રહ્યો છે. પ્રોજેક્ટ શરૂ કરવા માટે ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ અને ચીનની શાંઘાઈ બૈજિન કેમિકલ કંપની સાથે ગુરુવારે ગાંધીનગરમાં કરાર કરવામાં આવ્યા હતાં. ચાર કરોડ ડોલરનો પ્લાન્ટ હોવાનું કંપનીએ જણાવ્યું હતું.

ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ લિ. ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તથા કે. કે. મોદી ગ્રુપના ચેરમેન કે. કે. મોદીએ પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, દહેજમાં અત્યાધુનિક ગ્રીન એનર્જી (CS2) ઉત્પાદન એકમ શરૂ કરવામાં આવશે. ઈન્ડોફિલે ઈન્ડો બૈજિન કેમિકલ્સ પ્રા. લિ.માં ૫૧ : ૪૯ની ભાગીદારી કરવામાં આવી છે. કે. કે. મોદીએ ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૩ના મધ્ય સત્ર સુધીમાં ગુજરાતમાં અંદાજે રૂ. ૩૫૦ કરોડનું રોકાણ પૂરું થશે. ઉપરાંત ઈન્ડોફિલ કંપની દહેજમાં જ વધુ બે પ્રોજેક્ટ શરૂ કરશે.

# CS2 plant to be setup in Dahej

## K. K. Modi group ties up with Chinese firm

**Ahmedabad:** First ever Indo-Chinese joint venture plant for CS2 production to be set up in Dahej. On Thursday, Indofil's management announced INDOFIL Industries ties-up with Shanghai Baijin, China to produce CS2 in Gujarat. The approximate $40 million plant would be the first in the country to use eco-friendly technology for CS2 production. Speaking at the event, Mr. K. K. Modi said that by adopting eco-friendly technology in CS2 production, Indofil will set an example in the chemical industry for sustainable development. Indofil has entered a joint venture through a 51:49 partnership in INDO BAIJIN CHEMICALS PVT. LTD. With this Indofil will complete an investment of approximately Rs.350 Cr in Gujarat by Mid 2013. This will generate large employment directly & indirectly as many vendors have also set up their units around Dahej